માજી સૈનિકો ( including ECOs/SSCOs ) ને ભરતીમાં ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવા અંગે.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ આરઈએસ–૧૦૨૦૦૦–યુઓ–૯૫૭–ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૨૦/૨/૨૦૦૧.

વંચાણ લીધાઃ– (૧) સા.વ.વિ.નો તા.૨૨–૭–૮૨ નો ઠરાવ ક્રમાંકઃ– આર.ઈ.એસ–૧૦૮૧–જી.ઓ.આઈ.–૫૮–ગ.૨,
(૨) સા.વ.વિ.નું તા.૪–૩–૭૫ નું જાહેરનામું ક્રમાંકઃ– જીએસ/૭૫–૬/આરઈએસ/૧૦૭૫/૧૦૬૦/ગ.

## ઠ રા વ

સરકારના સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ(૧) હેઠળના તા.૨૨–૭–૮૨ ના ઠરાવની જોગવાઈ અનુસાર માજી સૈનિકો ( including ECOs/SSCOs ) ને તે ઠરાવમાં દર્શાવેલ શરતોને આધીન વર્ગ–૧ અને વર્ગ–૨ ની કોઈ પણ જગ્યાએ નિમણૂંક માટે ઉપલી વય મર્યાદામાં છૂટછાટ આપતા હુકમો કરવામાં આવેલા છે. આ હુકમોમાં વર્ગ–૩ અને વર્ગ–૪ ની કોઈ પણ જગ્યાએ નિમણૂક માટે ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવા અંગે કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. વંચાણમાં લીધેલ તા.૪–૩–૭૫ ના જાહેરનામાથી બહાર પાડેલ નિયમોના નિયમ–૫ માં માજી સૈનિકો માટે ઉપલી વયમાં જે છૂટ મળવાપાત્ર છે, તે તેમના માટે અનામત રખાયેલ જગ્યાઓ સંદર્ભે છે. પરંતુ, માજી સૈનિકો માટે અનામત ન હોય તેવી જગ્યાના સંદર્ભમાં સ્પષ્ટ હુકમો નથી. આથી ઉકત તા.૨૨–૭–૮૨ ના ઠરાવમાં દર્શાવેલ શરતોને આધીન વર્ગ–૩ અને વર્ગ–૪ ની કોઈ પણ જગ્યાએ નિમણૂક માટે ઉપલી વયમાં છૂટછાટ આપવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતમાં ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં કાળજીપૂર્વકની વિચારણા કર્યા પછી માજી સૈનિકોને ( including ECOs/SSCOs ) આ વિભાગના ઉકત તા.૨૨–૭–૮૨ ના ઠરાવની જોગવાઈ/શરતોને આધીન જે ધોરણે વર્ગ–૧ અને વર્ગ–૨ ની જગ્યાએ નિમણૂંક માટે ઉપલી વય મર્યાદામાં છૂટછાટ આપવામાં આવે છે, તે ધોરણે વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગ્યાએ નિમણૂંક માટે પણ આવી છૂટછાટ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સી.એમ. સદાદીયા )
ઉપસચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો ( પાંચ નકલો )
તમામ ખાતાના વડાની કચેરી, – કચેરીના વડા.
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ– અધિકારીઓ.
સિલેક્ટ ફાઈલ, ગ–ર શાખા.
× પત્ર ધ્વારા.

એસઆર/૧૪૨૨૦૦૧.